# એક ધબકાર તારા નામનો

(વાચ્ય ગઝલ સંગ્રહ)

## 1) રાધાને તરસાવી જાણે છે

સૂરજ ક્યાં કોઈનું માને છે;
બસ, એ તાપ વરસાવી જાણે છે.

ચન્દ્ર તો શીતળતામાં માને છે;
બસ, ચાન્દનીને પ્રીત કરી જાણે છે.

મેઘ તો વરસી જવામાં માને છે;
બસ, ધરતીને હરિયાળી કરી જાણે છે.

સમુદ્ર તો ભરતી ઓટમાં માને છે;
બસ, એ તો વહેવાનું જાણે છે.

વૃક્ષો તો ઘટાદાર થવામાં માને છે;
બસ, બીજાને છાયો આપવામાં માને છે.

ઝરણું તો સદા વહી જવાનું માને છે;
બસ, મીઠાશ વહેચવાનું જાણે છે.

ક્રિષ્ના તો રાસલીલામાં માને છે;
બસ, રાધાને તરસાવી જાણે છે.

## 2) રોજ શું કરવાનું

રોજ કેટલું વિચારવાનું રોજ કેટલું કહેવું;
સ્વાદના તો શોખીન છે નવું શું કરવું ખાવાનું?

અનેક પ્રોડકટ મળે છે અનેકો સ્વાદ પણ છે;
શરીરને એ માફક નથી શું કરવું પીવાનું?

તબિયત લથડતી જાય કશું નથી કહેવાતું;
પોતાના માટે જ આળસભરી રોજ શું ચાલવાનું?

મન તો બહુ થાય છે અસર ઝાઝી નથી થતી;
દિલ કહે છે એમ જ કરો રોજ શું ફરવાનું?

કોઈ સન્દેશો નથી આપતું નથી કોઈ સમાચાર;
ઇચ્છા છે મળવાની રોજ ક્યા કારણથી જવાનું?

શોખીન તો જીવ છે મન પણ અતિ કોમળ છે;
દિલ તો ખૂબ જ ચાહે છે પણ તેને સૂજે રમવાનું?

વર્ષાનો માહોલ છે હૃદયથી નિતનું બન્ધન છે;
એ ખુશ છે, હરિયાળીમાં મન થાય ટહેલવાનું.

નથી કોઈ આ મજાક ‘હું તને પ્રેમ કરું છું’;
બહુ જ મન થાય છે હળવાશથી ‘કેહવાનું’.

સઘળું જ અતડું લાગે છે ગૂઢ રહસ્ય છે આ પ્રેમનું;
શ્વાસથી ધડકન મળી દિલને હળવાશથી ચુમવાનું.

## 3) હું તને પ્રેમ કરું છું

અવિરત પૂર્ણ ધારા વહે છે દિલ મહીં;
ઝરણું મળે સાગરને 'હું તને પ્રેમ કરું છું'.

મથામણ કરું છું, હું તને સમજવાની;
નથી સમજી શક્તી 'હું તને પ્રેમ કરું છું'.

હેરાન ગતિ કેટલી થાય છે મળવાની;
હ્રદય કહે છે 'હું તને પ્રેમ કરું છું'.

આકાશ અને ધરતી જેવી હાલત છે બન્નેની;
વિરહથી જ રેહવાનુ 'હું તને પ્રેમ કરું છું'.

ચાંદ અને ચાંદની રોજે જ સંગ રહે છે;
બસ એવો જ સંગ રહે 'હું તને પ્રેમ કરું છું'.

ચાહે દિલ હજાર સ્વપ્ન રચે તારા નામના;
અંતે ગુલામી શ્વાસની 'હું તને પ્રેમ કરું છું'.

## 4) એ વીતેલો સમય

એક જ વાર કોઈનો સાથ મળે બીજીવાર નહીં;
સાથ મળે તો બીજીવાર કોઈનો હાથ મળે નહીં.

જવું છે ગિરીમાળાને માણવા માટે દુર;
ફરીવાર એ જ પ્રકૃતિ મળે નહીં.

સમજવું છે તારા દિલને ફરીવાર;
એ વીતેલો સમય પાછો મળે નહીં.

સૂરજના કિરણોને જોવા છે મારે;
સંધ્યા એ અજવાળું ફરી મળે નહીં.

મને તારી રમત સમજાય નહીં;
હવે, આવો દાવપેચ મળે નહીં.

## 5) ધીમેથી વહાલ કરીશ તો ચાલશે

તું ગમે ત્યાં ફરીશ તો ચાલશે;
ધીમેથી વ્હાલ કરીશ તો ચાલશે.

પુષ્પોની સુરભી લાવીશ તો ચાલશે;
હળવેથી સૌરભ આપીશ તો ચાલશે.

ભીડ વચ્ચે મને શોધીશ તો ચાલશે;
પ્રેમ શરમાઈને કરીશ તો ચાલશે.

ગગને તું ગડગડાટ બનીશ તો ચાલશે;
મને વિજળી બનાવીશ તો ચાલશે.

તું ઝરમર બારિશ બનીશ તો ચાલશે;
હું લીલીછમ હરિયાળી બનીશ તો ફવશે.

કાન્હાની માફક પ્રેમ કરીશ તો ફાવશે;
એક વખત પાછો ફરીશ તો ફવશે.

## 6) કોને કહું

ઘણું સ્મરણ થાય છે પણ કોને કહું?
મથામણ ભુલવાની છે પણ કોને કહું?

અવરોધ છે દોસ્તીમા પણ કોને કહું?
અવળાઇ છે પ્રેમમા પણ કોને કહું?

ગગનમાં અંધકાર છવાયો પણ કોને કહું?
તારાનો ઝગમગાટ ખોવાયો પણ કોને કહું?

લાગણીઓ પુષ્કળ ઘવાય પણ કોને કહું?
આંખોમા નીર છવાય પણ કોને કહું?

પ્રેમ વરસાદમાં ભીંજાય પણ કોને કહું?
દોસ્તી પૂરમાં તણાય પણ કોને કહું?

યાદો હવે વિસરાય પણ કોને કહું?
સાથ હવે છોડાય પણ કોને કહું?

## 7) અજનબી સાથે રહે છે

જ્યારે બધું જ ખર્ચાય જાય છે;
 ત્યારે માત્ર શ્રધ્ધા સાથે રહે છે.

જ્યારે આશાના કિરણ છુટી જાય છે;
 ત્યારે દોસ્તોનો વિશ્વાસ સાથે રહે છે.

જ્યારે સૂરજ આથમી જાય છે;
 ત્યારે ચાન્દની સાથે રહે છે.

જ્યારે સમુદ્રમાં તોફાન સર્જાય છે;
 ત્યારે ઇશ્વરનો સાથ સાથે રહે છે.

જ્યારે પોતાના તરછોડી જાય છે;
 ત્યારે કોઇ અજનબી સાથે રહે છે.

જ્યારે વિશ્વાસના બન્ધન છુટી જાય છે;
 ત્યારે હ્રદયનો ધબકાર સાથે રહે છે.

જ્યારે બધા જ પાસા ઉલ્ટા પડી જાય છે;
ત્યારે સર્જનહાર બાજી પલ્ટી સાથે રહે છે.

## 8) છતાંય લાગણી ઉભરાય...

નથી કોઈ સાથે લાવ્યું, ન કોઈ સાથે લાવશે;
ન ફીકર દુનિયાની કરવી, લોકો પોતાનું જ કરે છે.

નથી કોઈને સમજાતું, નથી કોઈ સમજવા માંગતા;

બધા પોતાની સમજદારી વાપરે, જ્યારે ગરજ બાપડી બને.

નથી હોતા બધાં રસ્તા સીધા, અધવચ્ચે વાંકાચુકા આવે;
એમ જ છોડે છે લોકો, જ્યારે ખર્ચાય જઈએ આપણે.

અહીં બધા છે બેપરવાહ, નથી કોઈને બીજાની ફીકર;
નથી હોતો સાથ, ત્યારે સંભાળે છે હાથ આપણો.

નથી રડવું ઘણુંય નથી કહેવું કશુંય, નથી આવવું ક્યારેય;
છતાંય લાગણી ઉભરાય, જ્યારે પોતાના તરછોડી જાય.

## 9) એ બધા સાથે મારે થરથરવું છે

ઝરમર મેહુલિયો વરસ્યોને ધરતીએ સાદ પાડ્યો;
આવ મારા વ્હાલા સાથે રહીને ભીંજાવું છે.

ક્યાં કોઈના દુખને આપણે વધારવા છે;
બસ આપણે તો આપણા જ પાપને બાન્ધવુ છે.

ઘણી બધી ભુલો પડીને હજુ પડવાની છે;
પાપનું મૂળ દિમાગ સાથે છે હવે છોડવું છે.

ધરા પર અઢળક પુષ્પોની સુરભી ભરી છે;
ચાલ મારે અને તારે તેની સાથે મહેકવું છે.

કેટલાય અકિંચન રજળે છત વગરના બધે;
ચાલ આજે એ બધા સાથે મારે થરથરવું છે.

દરેક ચાલમાં અને દરેક બાજીમાં વિજય થઈ છું;
આજ મારે તારી સાથે પ્રેમરૂપે ચાલમાં ઝૂકવું છે.

## 10) જાણે પ્રેમ થયો હશે..

સુકુન શોધું છું હું તુજની સાથે;
મન હળવું થયું જાણે પ્રેમ થયો હશે.

મહેફિલ સજાવી છે પારકા સાથે;
હળવાશ થઈ આજે જાણે પ્રેમ થયો હશે.

ખોતરાય ગયું મન અપમાનની સાથે;
અજબ હાલ થયા જાણે પ્રેમ થયો હશે.

હું રહું છું કાયમ દર્દની સાથે;
લાગે છે એવું જાણે પ્રેમ થયો હશે.

લાગણી બની છે આજે યાદની સાથે;
એહસાસ થયો જાણે પ્રેમ થયો હશે.

દિલ ધડકે છે બહુ તેના સ્મરણની સાથે;
હળવાશ થઈ જાણે પ્રેમ થયો હશે...

## 11) અફવા આવે છે

ચાહતનું મારે સમારકામ કરવું છે;
ગગનેથી કોઈ ફરિસ્તા આવે છે.

દિલને જિવાનો માર્ગ હોય તો;
પ્રેમી સામેથી દર્પણ લઈ આવે છે.

સમજણની ભાષા ઘણી અઘરી છે;
ઘર્ષણથી દોસ્તી વચ્ચે અંતર આવે છે.

સમાજને ક્યાં કોઈના સંબંધની;
વિશ્વાસ ‘ના’ હોય ત્યારે અફવા આવે છે.

વિરહને કોઈ કેમ હળવાશથી લે;
દિલમાંથી નયનોમાં અશ્ક આવે છે.

આમ તો મધુરજની મધુર જ લાગે છે;
પણ સાથ છુટેને ગગને ઉલ્કા આવે છે.

## 12) ઉહું પારણું કહે છે

ખુદાને વ્યર્થ બાન્ધવાનો પ્રયત્ન થાય;
મન્નત માની કામ કરાવવું પડે છે.

ભર ઉનાળે યાદ તરો તાજી કરવી;
માથા ઉપર એ.સી ને પંખા ફરે છે.

મિલનની ઘડી ઘડીક જ વાર આવી;

પળવારમાં તો ઘડિયાળના કાંટા નડે છે.

ચેન ખોવાયું મન વિચરે દિલ ડોલ્યું;
આરામ ફરમાવવા બેઠાને ખુરશી હલે છે.

તારા પ્રેમની કિલકારી ગુંજી ઊઠી આંગણે;
દોરી બન્ધ થય કે ‘ઉહું’ પારણું કહે છે.

અતડાપણુંને અમેળ જેવું બહું થયું;
તારા પ્રેમને સાથ વગર દિલ મરે છે.

## 13) અકડું લાગે છે

ઉંચા લહેરાતા મોજાને સ્ટીમરથી પાર કરીએ;
માનવ મેહરામણના મહેણા મને અગાધ લાગે છે.

અર્જુન માછલી વીન્ધી નિશાન ન ચૂક્યો;
પણ દુર્યોધનની દિલદારીની વાતો અગોચર લાગે છે.

ઉડી ગયા બધા સંબંધો સામાજીક રિવાજોમાં;
સુનામી આવી છતાં પ્રેમ અકબન્ધ લાગે છે.

દુનિયાને સમજાવી સહેલી બની સમાજ થકી;
તારા દિલને સમજાવવું અગમ્ય લાગે છે.

જા તને મારા દિલની વાત નથી કહેવી;
ઘણું જ વિચારીને તું બોલે અકડું લાગે છે.

પ્રેમનું જળ ખારું જ હોય છે દુનિયા કહે;
બસ વિશ્વાસનું ખાબોચિયું અકથ્ય લાગે છે.

## 14) ભર ઉનાળે ઉજાણી થાય છે

સંબંધ તાણાવાણા ખૂબ નરમ હોય છે;
આ નરમાશ જાય તો ઘરમાં જ ઉકળાટ થાય છે.

સમજણની એક કેડી પડી જાય દિલ મહીં;
તો સંબંધમા ભર ઉનાળે ઉજાણી થાય છે.

એક તાંતણો તુટે જ્યારે સંબંધમાં વિશ્વાસનો;
ત્યારે વગર ચોમાસે વાવાઝોડાનો ઉદ્ભવ થાય છે.

કોઈ જ્યારે આંખે વળગીને દિલમાં ઉતરે ત્યારે;
જાગતાં જ સપનાઓનું ગગનમાં ઉડ્ડયન થાય છે.

નવરાશના સમયમાં હળવાશની પળો ભળે છે;
એ સમયે હૃદયમાં પ્રેમનું ઉત્થાન થાય છે.

હૃદયથી હૃદયના બંધનમાં અણબનાવ હોય તો;
એ સંબંધનું તો પ્રેમ જ એક ઉકેલ થાય છે.

## 15) મુસ્કાન સાથે હોય છે

કાંટાઓનો વિરોધ ન કરવો ફૂલ વચ્ચે હોય છે;
સંબંધનો વિરોધ ન કરવો સમાજ સાથે હોય છે.

અન્ધકારનો વિરોધ ન કરવો ચાન્દ વચ્ચે હોય છે;
દોસ્તીનો વિરોધ ન કરવો વિશ્વાસ સાથે હોય છે.

અજવાળાનો વિરોધ ન કરવો સૂરજ વચ્ચે હોય છે;
જવાબદારીનો વિરોધ ન કરવો હક સાથે હોય છે.

સમુદ્રની ખારાશનો વિરોધ ન કરવો મોતી વચ્ચે હોય છે;
અશ્કનો વિરોધ ન કરવો મુસ્કાન સાથે હોય છે.

શ્યામપણાનો વિરોધ ન કરવો દિલ વચ્ચે હોય છે;
વિરહનો વિરોધ ન કરવો પ્રેમ સાથે હોય છે.

### 16) ઈશ્ક ન કરતા

તમારા ઘરે આતિથ્ય માણવા આવીશું;
પારકા સમજી અમને ઈન્કાર ન કરતા.

દિલ આબેહુબ ગગન જેવું છે મારું;
દર્દનો અમારો તમે ઈલાજ ન કરતા.

પ્રેમનો આત્માસાત દિલ સુધી હોય છે;
સાથ ન નિભાવે એ તો ઇંતજાર ન કરતા.

પામવાની તમને પણ આંકાક્ષા છે મને;
મહેરબાની કરી આપ પ્રેમનો ઇશારો ન કરતા.

17)પણ તારા પ્રેમનુ...

ભેગા થઈએ ત્યારે એકતા જાળવીએ;
ક્રોધ છોડી એક થઈએ એકન્દરે સારું છે.

ગંજીપાની રમતમાં આમ તો એક્કો પસન્દ છે;
પણ તારા પ્રેમનું ગુલામ થવું સારું છે.

તું મારા દિલનો બાદશાહ બની રહે કાયમ;
હું બની રહું કાયમ તારી રાણી તો સારું છે.

મને તારા આડાઅવળા બહાનાની એલર્જી છે;
હવે હૃદયના બંધનનું કર એલાન તો સારું છે.

સાથે રહીને ભોગવવું છે દુનિયાનુ ઐશ્વર્ય;
કડાકુટ મૂક ન રહેવું પડે ઓકિસજન પર તો સારું છે.

દરિયામા નિરંતર થતી રહે છે ભરતી ઓટ;
આપણા પ્રેમની કાયમ ભરતી રહે તો સારું છે.

સદીઓ સુધી બની રહે તું મારામાં ઓતપ્રોત;
દિલને નકારીને ઓપરેશન ન આવે તો સારું છે.

## 18) એક બનાવીએ કદમ

ભલે એક સાથે બેસીને ન વિચારીએ;
એક કામ કરીએ એક બનાવી એ કદમ.

સુખમાં ખાબોચિયું દુખમાં છલક્યો;
આમ તમારો પ્રેમ નિતર્યો કમોસમ.

તમે ન મળવા આવ્યા મારા ઠેકાણે;
આખરે મારે જ ઉપાડવી પડી કલમ.

ભલે પ્રેમલગ્ન નથી પ્રેમ તમારો દરિયો છે;
મારા મસ્તક પર છે તમારા નામનું કુમકુમ.

ભુલો માનવી જ પડે છે મારા વ્હાલમાં;
માફ કરો ગુનાહને તમે ન બનો કોકમ.

પ્રેમ તો પ્રેમ હોય છે છલક્યા જ કરે રોજ;
મને સારું લગાડવા ન પ્રેમ આપો કૃત્રિમ.

સમણામાં રોજ તું ફર્યા કરે નવા કપડાં પહેરી;
રહે તું મારી સંગાથ મારી જીન્દગી બની કાયમ.

## 19) તારો પ્રેમ

મને ધીરે ધીરે સમજાય છે તારો પ્રેમ;
મને ધીરે ધીરે સહેવાય છે તારો પ્રેમ.

મને ધીરે ધીરે કહેવાય છે તારો પ્રેમ;
મને ધીરે ધીરે રહેવાય છે તારો પ્રેમ.

મને ધીરે ધીરે મહેકાય છે તારો પ્રેમ;
મને ધીરે ધીરે લહેકાય છે તારો પ્રેમ.

મને ધીરે ધીરે વહેંચાય છે તારો પ્રેમ;
મને ધીરે ધીરે જીરવાય છે તારો પ્રેમ.

## 20) તારા સાથની...

પતજરમાં ખૂબ ઇચ્છા છે વસંતની;
એકલતામાં ખૂબ જરૂર છે તારા સાથની.

તડકામાં ખૂબ ઇચ્છા છે છાયાની;
ભીડમાં ખૂબ જરૂર છે તારા સાથની.

વાવાજોડામાં ખૂબ ઇચ્છા છે છત્રીની;
નિર્દયતામાં ખૂબ જરૂર છે તારા સાથની.

ઠંડીમાં ખૂબ ઇચ્છા છે ઓથની;
નવરાશમાં ખૂબ જરૂર છે તારા સાથની.

નદીમાં ખૂબ ઇચ્છા છે હોડીની;
ખુશીમાં ખૂબ જરૂર છે તારા સાથેની.

ઘરમાં ખૂબ ઇચ્છા છે માનવીની;
દુઃખમાં ખૂબ જરૂર છે તારા સાથેની.

## 21) કાન હવે, તો પાછો આવ

ગાયોને વાંસળીના સૂર સાંભરે;
લાગણીને સમજી કાન હવે, તો પાછો આવ.

ગોપીઓને ખૂબ યાદ સતાવે છે;
સંવેદનાને સમજી કાન હવે, તો પાછો આવ.

જશોદાને રડવું આવ્યા કરે નીત;
મમતાને સમજી કાન હવે, તો પાછો આવ.

મિત્રોને રમત નથી સુજતી એકલા;
દોસ્તીને સમજી કાન હવે, તો પાછો આવ.

રાધા ઘેલી થઈ છે તારા મોહમાં;
નીર નયનના સુકાયા કાન હવે, તો પાછો આવ.

## 22) પ્રેમના તજજ્ઞ જોઈએ

જ્યારે હવે પ્રેમ થઈ જ ગયો છે આપણે;
શા માટે મિલન માટે તલસવું જોઈએ.

વિરહની વેદનાને ઘણી જ નિભાવી તમે;
મને પામવા માટે તમારી તકદીર જોઈએ.

ઘરમાં તો સૌ હથિયાર લઈને ફરે છે;
પ્રેમને જાહેર કરવા કોઈ તખતો જોઈએ.

બડાઈઓ ખૂબ મારી ડોન બનીને વા'લા;
પ્રેમને સમજવા પ્રેમીનું તખલ્લુસ જોઈએ.

ઘણી જ પરીક્ષાઓ આપી જનરલ નોલેજની;
લાગણીને સમજવા પ્રેમના તજજ્ઞ જોઈએ.

ખૂસુર ફૂસુર ખૂબ જ કરી અલગ રહીને;
મિલન માટે કોઈ ખાસ તથ્ય જોઈએ.

જિન્દગી એ ખેલ ખૂબ અઘરા નાખી જોયા;
બતાવીએ પ્રેમ માટે એકમેક તબાહ થઈને!!!

## 23) તું મારા પ્રેમનો એકમાત્ર અસીલ છે

એકાએક વાતવરણ પલટાયું આજે;
પ્રેમને વરસવાની આવી મોસમ છે.

ખુશીથી ડોલી ઉઠ્યું ચાહતમાં દિલ;
મારા ઘેર તમારા નામનો ચન્દરવો છે.

કેમ ભાગવું ઘેરથી મારે છુપાછુંપ;
શેરીમાં વાહિયાત ઘણી ચોકિયાત છે.

ટપક ટપક મેઘ મહેર થઈ છે;
પ્રેમની વાછટ ન રહે તેવી છાજલી છે.

સમયે સાંભળેલી સાચી સમજણ સાથે છે;
વહેતા ઝરણા જેવી પ્રેમની જિજીવિષા છે.

કોર્ટમાં સાબિત થઈ ચૂક્યું છે હવે,
તું મારા પ્રેમનો એકમાત્ર અસીલ છે.

## 24) જમાનો નથી

પ્રેમ લાગણી અને ભાવના બોવ છે પણ;

મારા વા'લા હવે ભલમનસાયનો જમાનો નથી.

સત્ય અને સાચા વચનો બોવ થયા પણ;
મારા વા'લા હવે પ્રિયવચનનો જમાનો નથી.

તાજમહલ બનાવી નાખ્યો મહોબ્બતમાં પણ;
મારા વા'લા હવે નિર્માતા બનવાનો જમાનો નથી.

શિરી અને ફરહાન માટે દૂધ વહ્યું પણ;
મારા વા'લા હવે સમર્પણનો જમાનો નથી.

તરબતર રહેવું જોઈએ નિત્ય વહાલથી પણ;
મારા વા'લા હવે નિત્ય નૂતન પ્રેમનો જમાનો નથી.

સમય વિફર્યે મસ્તી હકીકત લાગે પણ;
મારા વા'લા હવે નિત્ય ખુશામદનો જમાનો નથી.

પ્રેમીઓ ઘણા રુશ્વા થયા પ્રેમમાં પણ;
મારા વા'લા હવે વિસર્જનનો જમાનો નથી.

આવું બધું બોલવાને સમજાવવા વાળા ઘણાંય મળશે પણ;
મારા વા'લા હવે આવું બધું અનુસરવાનો જમાનો નથી.

## 25) જલદ રહું છું

આમ શું વિચાર કર્યા કરે છે વારે વારે;
ચલ, તારી યાદમાં એક પટકથા લખું છું.

જુઠ્ઠું નથી બોલતી માટે સાચાનું વેર છે;
શું હું તને લેખિકા નવોદિત લાગું છું.

તણખા જર્યા કરે જ્યારે તું દૂર રહે છે;
નિરંતર હું તારી યાદમાં જલદ રહું છું.

અશ્કને શું બોલવવા વારે વારે નયનમાં;
મારી ખુશીઓ શું તારી યાદમાં ગોઝારી કરું છું.

દિલની દરિયા દિલી દિલ દઈને દે યારા;
ઝરણામાં પણ સમુદ્રની માફક કદ્દર તરું છું.

## 26) પાછું આવે

કોઈ થોડું કોઈ ઝાઝું કોઈ વહેલું કોઈ મોડું;
કોઈ ભટકેલું તો કોઈ વળી ગેરવલ્લેથી પાછું આવે.

કોઈ પ્રેમથી કોઈ લાગણીથી કોઈ માનથી કોઈ સન્માનથી;
કોઈ સમજણથી તો કોઈ વળી ચાબૂકથી પાછું આવે.

કોઈ ગામથી કોઈ શહેરથી કોઈ દેશથી કોઈ વિદેશથી;
કોઈ નજીકથી તો કોઈ વળી તારામંડળથી પાછું આવે.

કોઈ સમયથી કોઈ પ્રયોગથી કોઈ પધ્ધતીથી;
કોઈ અવલોકનથી તો કોઈ નિદર્શનથી પાછું આવે.

કોઈ અણુથી કોઈ પરમાણુથી કોઈ બોમ્બથી;
કોઈ તાજમહલથી તો કોઈ દિમાગથી પાછું આવે.

## 27) મારે જ આવું શાને થાય છે

મને જ કેમ સમજાતું નથી,
મારે જ આવું શાને થાય છે.

હું જ સારું વિચારું,
હું જ મદદે દોડું,

હું જ રડતી રહુંને,
લોકો કેમ મારા ઉપર હસતા,
મારે જ આવું શાને થાય છે.

વિચારું છું ને સમજુ છું,
હસું છું ને હસાવું છું,

દિલથી કામ પાર પાડું છું,
તોયે લોકો મારો જ સાથ છોડતા,
મારે જ આવું શાને થાય છે.

તકલીફ મારે છે કે બીજાને,
હું નિષ્ઠુર છું કે અન્ય,

હું નથી સમજાતી કે કોઈ,
મારે જ આવું શાને થાય છે.

માગું છું કશુંને મળે છે કાંઈ,
નમું છું ઘણીને નમાવે છે કોઈ,

કાના પાસે અરજ કરું છું,
અરજ કરું છું કાંઈને થય જાય છે કાંઈ,
મારે જ આવું શાને થાય છે.
#DSK